જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૦/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૩૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી ૨૦૮ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૩૮/૧૫**

**સરખેજ :** સુરેશભાઇ ગિરધરભાઇ (રહે.પારસ બંગ્લોઝ, સરકારી ટ્યુબવેલ સામે, બોપલ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે આંબલી ગામ સ્મશાન તરફ જતાં રસ્તામાં ચુડેલ માતાનાં મંદિર પાસે ઝાડીઓમાંથી અજાણ્યો પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાનો) મુઢ માર મારી, ગળુ દબાવી મોત નિપજાવેલની લાશ મળી આવતાં, અજાણ્યા ઇસમ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૧૩૯/૧૫**

**અમરાઇવાડી :** મુંજની મીઠાઇલાલ ગીરી (રહે.રબારી કોલોની, અમરાઇવાડી) એ તા.૨૦/૧૦/૧૫ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી બિપીન જગદીશ કુશ્વાહ ઘર નજીકથી પોતાની પુત્રી સાધના (ઉ.વ.૧૩) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઓ.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૨૧૪૦/૧૫**

**નવરંગપુરા :** અનિલભાઇ જયકિશનભાઇ કોરાણી (રહે.શુભમ-૬, ગઢવી સોસાયટી, ઇશીતા ટાવરની બાજુમાં, ઇશ્વરભુવન રોડ, નવરંગપુરા) એ તા.૨૦/૬/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૫ નાં કલાક ૧૦/૩૦ થી તા.૧૯/૧૦/૧૫ કલાક ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદિનાં દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા :** કાંતિભાઇ અંબાલાલ પ્રજાપતિ (રહે.શ્રીજી બંગ્લોઝ, નારોલ કોર્ટની સામે, નારોલ વટવા) એ તા.૨૦/૧૦/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૦/૧૫ રાતનાં ૧૨/૦૦ થી તા.૧૮/૧૦/૧૫ રાતનાં ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદિનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૪૧/૧૫</u>**

**સાબરમતી :** ચંદ્રાબહેન તે પ્રકાશભાઇ જૈનની વિધવા પત્ની (ઉ.વ.૫૪)(રહે.ત્રિભોવન પાર્ક, અચેર ડેપો, જવાહરચોક રોડ, સાબરમતી) તા.૧૯/૧૦/૧૫ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી કોઠારી ટાવરની પાસે આવેલ કેશવબાગ સોસાયટી નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૨ થી ૨૪ વર્ષના આશરાનાં) ચંદ્રાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-ખેંચી તોડી લઇ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી કે.એન.છાશીયા ચલાવે છે

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૪૨/૧૫</u>**

**નરોડા :** પુલીનભાઇ અશોકભાઇ દોશી (રહે.રત્ના એપાર્ટમેન્ટ, ગોરધનવાડી કાંકરીયા) એ તા.૨૦/૧૦/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ઇગલશોલની સામે પાર્ક કરેલ પોતાની કારના ના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ પુલીનભાઇ દોશીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૪૩/૧૫**

**ઓઢવ :** કપૂરભાઇ ખીમાજી પ્રજાપતિ (રહે.ખોડીયારપાર્ક સોસાયટી, નવરંગ સ્કુલ ચાર રસ્તા પાસે, અંબિકાનગર ઓઢવ) એ તા.૧૯/૧૦/૧૫ રાતના ૮/૩૦ વાગે ઓઢવ સરદાર પટેલ રીંગ રોડ, પામ હોટલ સામે, રામદેવ ઉધોગ આગળ પોતાની મહિન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૧.ડી.વી.ડ૫૯૬ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૦/૧૦/૧૫ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ કપૂરભાઇ પ્રજાપતિએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.નીમાવત ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૪૪/૧૫</u>**

**સેટેલાઇટ :** ચંદુભાઇ ઇશ્વરભાઇ રાવળ (રહે.ગામ- ડગાવાડીયા, રાવળવાસ, તા.વિજાપુર, જી.મહેસાણા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૧૫ નાં કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાનો પુત્ર રાહુલ (ઉ.વ.૨૩) સેટેલાઇટ શ્યામલ ચાર રસ્તા તરફથી શિવરંજની બ્રીજ તરફ જતાં શિવાલીક -૨ આગળ રોડ ઉપર રેડીયમ લાઇટ લગાવવાનું કામ કરતો હતો દરમ્યાન અજાણ્યા કાર ચાલકે પુરઝડપે અને બેદરકારીથી કાર ચલાવી લાવી રાહુલને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતો. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૪/૩૦ વાગે તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એન.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા :** હિનાબહેન શૈલેષભાઇ ત્રિવેદી (ઉ.વ.૩૮)(રહે.સંગમ રેસીડન્સી, નારોલ લાંભા રોડ, નારોલ) તા.૨૦/૧૦/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે એસ.પી.રીંગ રોડ ગામડી ચાર રસ્તાથી રોપડા ચાર રસ્તા વચ્ચેથી ટી.વી.એસ.સ્કુટર ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ટ્રેકટર નંબર જીજે.૨૭.એ.એચ. ૩૫૦૫ ના ચાલકે ટ્રેકટર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, સ્કુટરને ટક્કર મારતાં, હિનાબહેનને ગંભીર ઇજાઓ થતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર હિનાબહેનનાં પતિ શૈલેષભાઇ ત્રિવેદીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

**<u>બેદરકારી દાખવતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૪૫/૧૫</u>**

**આનંદનગર :** મોહનભાઇ ચિરંજી કુસવા નાઓ તા.૨૦/૧૦/૧૫ બપોરનાં ૩/૩૦ વાગ્યાના સુમારે આનંદનગર પ્રેરણા વિહાર બંગ્લા નંબર ૮ નો મુખ્ય ગેટનો સ્લેબ તોડતાં હતા દરમ્યાન આરોપી શેરસિંહ સુખલાલ કુસવા (કોન્ટ્રાક્ટર)(રહે.રોહિતનગર જનતાનગર ફાટક પાસે, ઘાટલોડીયા) નાઓની બેદરકારીથી મજુરી કામ કરતાં મોહનભાઇ ઉપર સ્લેબ તુટી જતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણજનાર મોહનભાઇનાં ભાઇ દિનદયાલ ચિરંજી કુસવા (રહે.મહાશક્તિનગર, જનતાનગર ફાટકની સામે, ઘાટલોડીયા) નાઓએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૪૬/૧૫</u>**

**સાબરમતી :** સોનીકુમારી સંદિપકુમાર પાસી (ઉ.વ.૧૯)(રહે.સરસ્વતીનગર, ન્યુ રાણીપ) તા.૧૩/૧૦/૧૫ નાં રોજ પોતાના સાસરીનાં ઘરે રસોઇ બનાવતાં હતા દરમ્યાન ચાલુ પ્રાઇમસમાં કેરોસીન પુરતાં, ભડકો થતાં શરીરે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૪૭/૧૫</u>**

**સાબરમતી :** અજીતસિંહ દેવરાજસિંહ રાજપુત (ઉ.વ.૩૫)(રહે.તેજેન્દ્રનગર વિભાગ-૧ વલ્લભપાર્ક) એ કોઇ કારણસર તા.૨૦/૧૦/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાનાં હુકમાં સાડી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**બાપુનગર :** ધર્મ પાંડુરંગ માનવરે (ઉ.વ.૨૨)(રહે.શુભલક્ષ્મી ફ્લેટ સામે, કાચા છાપરાંમાં, બાપુનગર) એ કોઇ કારણસર પોતાના ઘરે તા.૧૭/૧૦/૧૫ સવારનાં ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાની જાતે ગળાનાં, પેટનાં તેમજ હાથ-પગનાં ભાગે બ્લેડ મારી હતી. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૦/૧૦/૧૫ બપોરનાં ૩/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રીવરફ્રન્ટ ઈસ્ટઃ** કેશવલાલ મણીલાલ મકવાણા (ઉ.વ.૬૫)(રહે.રવિપાર્ક સોસાયટી, ભાર્ગવ રોડ, લીમડા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર) માનસિક રીતે અસ્થિર હોવાથી તા.૨૦/૧૦/૧૫ ના કલાક ૧૦/૫૫ વાગ્યા પહેલાં કોઈપણ સમયે સુભાષબ્રીજ નીચે, નારણઘાટ નજીક સાબરમતી નદીમાં પડી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અળખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)